આજે મકરસંક્રાંતિ નિમિત્તે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર મહિલા મંડળ દ્વારા મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ચંચલ બેન યાદવ અને મંત્રી શ્રીમતી સોનિયા પરમાર અને શ્રીમતી યોગીતા ટાંકની ઉપસ્થિતિમાં મકરસંક્રાંતિના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ચેતનાબેન રાઠોડ અને કીર્તિ રાઠોડે હળદર અને કુમકુમનું તિલક કર્યું હતું.ત્યારબાદ સૌએ હાઉજી અને ભરપૂર મનોરંજન અને રમતોની મજા માણી હતી.બાળકોનો ઉત્સાહ પણ જોવા લાયક હતો.


જેમાં પતંગો દ્વારા કરવામાં આવેલ શણગાર કાર્યક્રમ ખૂબ જ આકર્ષક લાગતો હતો.જેમાં ચિત્રાબેન ખોડિયાર, તારાબેન પરમાર, રેખા પરમાર અને રોનિકા યાદવ વતી તમામ વિજેતાઓને પુરસ્કાર આપવામાં આવ્યા હતા. તે બધાનો ખૂબ ખૂબ આભાર. રાધા પરમાર અને તેમના ગ્રુપ અને શ્રીમતી ખુશ્બુ યાદવ કુંજલ રાઠોડ દ્વારા ગવાયેલું મધુર ગીત સૌએ માણ્યું. તમામ સિનિયર વિજેતાઓમાં પ્રથમ સ્થાન શ્રીમતી નીતા વેગડને, દ્વિતીય સ્થાન શ્રીમતી કસ્તુરી બેનને અને તૃતીય સ્થાન ચિત્રાબેન ખોડિયારને આપવામાં આવ્યું હતું. બીજા રમતમાં પ્રથમ પુરસ્કાર શ્રીમતી લક્ષ્મી સોલંકી દ્વિતી પુરસ્કાર શ્રીમતી રાધા પરમાર અને તૃતીય પુરસ્કાર શ્રીમતી પ્રજ્ઞાબેનને આપવામાં આવ્યો

આખરીમાં બધાએ પતંગ ઉડાવીને સંક્રાંતિ ઉત્સવ ધૂમધામ થી બનાવ્યો આમાં લીનાબેન પરમાર રેખાબેન પરમાર રૂપલ પરમાર આરતીબેન ચૌહાણ કીર્તિબેન રાઠોડ ચેતનાબેન રાઠોડ આધીનો સહયોગ પ્રાપ્ત થયો તેમનો ખૂબ ખૂબ ધન્યવાદ અંતમાં મંત્રી શ્રીમતી સોનિયા કેતનભાઇ પરમાર દ્વારા ધન્યવાદ આપવામાં આવ્યો.

## કોરબા મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ કોરબા મહિલા મંડળની નવી કાર્યકારીણીનું ગઠન દિનાંક ૧૦-૦૧-૨૦૨૪ના દિવસે જલારામ મંદિર પ્રાંગણમાં કરવામાં આવેલ. આ બેઠકમાં નિમ્નાનુસાર કાર્યકારીણીનું ગઠન નિર્વિરોધ કરવામાં આવેલ.

સલાહકાર - શ્રીમતી લીનાબેન મનોજભાઇ ચૌહાણ,



શ્રીમતી પ્રીતબેન સુરેશભાઇ ચૌહાણ, સંરક્ષક - શ્રીમતી હેમાબેન પ્રદીપભાઇ ચૌહાણ, શ્રીમતી દીપીકાબેન ત્રિભુવનભાઇ ચૌહાણ, પ્રમુખ - શ્રીમતી પ્રીતીબેન વિનોદભાઇ પઢિઆર, વરીષ્ઠ ઉપપ્રમુખ - શ્રીમતી પ્રવિણાબેન ચંદ્રકાંતભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ - શ્રીમતી દિપિકાબેન કૈલાશભાઇ ટાંક, મંત્રી - શ્રીમતી લીનાબેન રવિન્દ્રભાઇ ટાંક, સહમંત્રી - શ્રીમતી હીનાબેન જીતેશભાઇ રાઠોડ, શ્રીમતી અનિતાબેન ખુશાલભાઇ ચૌહાણ, ખજાનચી - શ્રીમતી દિવ્યાબેન સુનિતભાઇ પરમાર. નવનિર્વાચીત પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન પઢિઆર દ્વારા મકર સંક્રાતિનું આયોજન કરવા બાબત ચર્ચા કરવામાં આવી હતી.



અંતે નવા મંત્રી શ્રીમતી લીનાબેન ટાંક દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

## જગદલપુર મહિલા મંડળ



રાયપુરમાં આયોજીત મહાસભાનું ત્રિ-વાર્ષિક અધિવેશનમાં અખિલ ભારતીય મહિલા મહામંડળના નવનિર્વાચીત પ્રમુખ શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણનું સમ્માન, જગદલપુર ઘટકની મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન મહેશભાઇ ટાંક, સચિવ શ્રીમતી નૂતનબેન ભરતભાઇ ચાવડા તથા ઘટકના અન્ય કાર્યકારીણી સદસ્યની ઉપસ્થિતિમાં સાલ ઓઢાળીને કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં જગદલપુર ઘટકની મહિલા મંડળની ટીમ દ્વારા ડાન્સનો પ્રોગ્રામ રાખવામાં આવેલ જેની ઉપસ્થિત દર્શકો દ્વારા ખુબ સરાહના કરવામાં આવી હતી. ૧૦ ડિસેમ્બરના દિવસે જગદલપુરમાં સ્નેહમિલનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં સારા નંબરથી પાસ થયેલ



વિદ્યાર્થીઓનું સરસ્વતી સમ્માન કરવામાં આવ્યું હતું.

## આદિપુર મહિલા મંડળ



તા. ૧૯-૧૨-૨૦૨૩, મંગળવારના રોજ શ્રીમતી કિર્તીબેન પઢિયારના ઘરે કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. પ્રભુ પ્રાર્થના બાદ દર વર્ષની જેમ આ વર્ષે પણ અડદીયા બનાવી વિતરણ કરવાની ચર્ચા-વિચારણા કરેલ. ત્યાર બાદ હાઉઝી ગેમ રમેલ અને ત્યાર બાદ એક મિનિટમાં પંદર પાણીપુરી કોઇ ખાઇ શકે ? સ્પર્ધા રાખેલ. જેમાં પ્રથમ મિલતબેન ચૌહાણ અને બીજા ક્રમે મનિષાબેન ચૌહાણ આવેલ. સર્વે બહેનોએ

પાણીપુરીની મજા માણેલ. કિર્તીબેન તરફથી બંને વિજેતા બહેનોને ઇનામ આપવામાં આવેલ.

આદીપુર મહિલા મંડળ દ્વારા ડ્રાયફ્રુટ, માવા અને શુદ્ધ દેશી ઘીથી ભરપૂર મસાલેદર સ્વાદિષ્ટ અડદિયા તા. ૨૬-૧૨-૨૦૨૩ના રોજ બનાવવામાં આવેલ અને તા. ૨૭-૧૨-૨૦૨૩થી અગાઉથી નોંધાવેલ સભ્યોને વિતરીત કરવામાં આવેલ. એક કિલોના રૂા. ૫૦૦/- ભાવ રાખેલ. ૨૨૫ કિલો અડદિયાનું વિતરણ કરવામાં આવેલ. ઉપરોક્ત અડદિયા વિતરણ કાર્યક્રમમાં આદિપુર ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના



ભાઇઓ અને બહેનોનો સારો સાથ-સહકાર મળેલ.

## અંજાર મહિલા મંડળ





અંજાર મહિલા મંડળની સામાન્ય સભા તા. ૧૦-૦૧-૨૦૨૪ના રોજ સાંજે રાખવામાં આવેલ હતી. જેમાં બહેનો આત્મનિર્ભર બને તે હેતુથી ચાંદનીબેન વરૂ દ્વારા વિક્સ અને બામ બનાવવા માટે નિદર્શન રાખેલ હતું. વિક્સ અને બામ બહેનોને આપવામાં આવેલ હતું. લગભગ ૬૦ જેટલી બહેનોએ આ તાલીમમાં ભાગ લીધો હતો. પ્રમુખ સવિતાબેન ચૌહાણના નેતૃત્વ હેઠળ કાર્યક્રમ યોજાયેલ હતો. અંજાર ઘટકના પ્રમુખ શ્રી વિનોદભાઇ ખોડિયાર મીટીંગમાં આવેલ હતા તેમજ સ્વામિનારાયણના હરિભક્ત શ્રી હરીશભાઇએ આગામી એપ્રિલમાં થનાર ઉત્સવ અંગેની  માહિતિ આપી હતી અને મહિલાઓને સહભાગી થવા માટે વાત કરેલ. શ્રી વિનોદભાઇ ખોડિયારે પણ આગામી કાર્યક્રમ સમુહ લગ્ન અંગેની વાત કરેલ હતી. બહેનોને કેલેન્ડર અને કાર્ડ પ્રતિકરૂપે આપેલ હતા.



મુક્તાબેન પઢિઆર દ્વારા પ્રસાદ અપાયેલ હતો. તા. ૨૬-૧૨-૨૦૨૩ના મહિલા મંડળ દ્વારા ૭૦૦ કિલો અડદિયા બનાવીને વેચાણ કરેલ હતા. બહેનોએ સારી જહેમત ઉઠાવેલ હતી.

## ગોંદિયા મહિલા મંડળ

૧૪/૦૧/૨૪, રવિવારે મકર સંક્રાંતિના ઉપલક્ષમાં પર્યટનનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોંદિયા ઘટક ના પૂર્વ પ્રમુખ શ્રી





ગોંદિયા ઘટક મહિલા મંડળ એવમ યુવક મંડળ દ્વારા દિનાંક કાંતિભાઇ શિવલાલભાઇ વેગડના સ્નેહભર્યા આમંત્રણને સ્વીકારી

તેમના ફાર્મ હોઉસ (તેડવા, વેનગંગા નદીના કાંઠે ) સમાજના ૧૦૦ જેટલાં ભાઈ બહેનો એ નદી માં નાઈ, સવારનું નાસ્તો, બપોરનું જમવાનું જે શ્રી કાંતિભાઈ વેગડ દ્વારા રાખવામાં આવ્યું હતું. ત્યાં બધાયે રમત ગમત – કરી પર્યટનનું આનંદ માણ્યો હતો. ગોંદિયા ઘટક પ્રમુખ શ્રી દેવેન્દ્ર ભાઈ રાઠોડ, સલાહકાર મંડળ અધ્યક્ષ શ્રી ચુનીલાલ ભાઈ ચૌહાણ,મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મલા બેન વેગડ, યુવક મંડળ પ્રમુખ શ્રી રવી ભાઈ પરમાર તથા ઘટક ના પદાધિકારીયો તરફ થી શ્રી કાંતિ ભાઈ શિવલાલ ભાઈ વેગડ અને એમના સમસ્ત પરિવાર નું સન્માન કરવામાં આવ્યું હતું.

## કાગજનગર રેબેના મહિલા મંડળ





કાગજનગર-રેબેના ઘટક દ્વારા તા. ૧૯-નવેમ્બર'૨૩ના પૂજ્ય જલારામબાપા જયંતી ઉત્સવનું આયોજન સમાજ ભવનમાં કરવામાં આવેલ તથા સર્વે સાથે મળીને ભજન-કીર્તન, આરતી, પ્રસાદ લઇ ઉત્સાહથી ઉજવામાં આવેલ તેમજ તા. ૨૪ નવેમ્બર આ દિવસે કાગજનગર-રેબેના ઘટક દ્વારા સમાજ ભવનમાં માતા તુલસી વિવાહનો કાર્યક્રમ સંપન્ન થયો. આ પ્રસંગે સમાજના ભાઇ-બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. ભાવવિભોર થઇ બધા ભજન-આરતી કરી મહાપ્રસાદનો લ્હાવો લીધો. ત્યાર બાદ બધા છુટા પડ્યા હતા.

## રાઉરકેલા મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ .રાઉલકેલા મહિલા મંડળ દ્વારા મહિલા મંડલ પ્રમુખ શ્રીમતી સોનલબેન દિનેશભાઈ પરમારના પ્રમુખપણા હેઠળ તા:૧૪.૦૧.૨૦૨૪ ને વાર રવિવારના રોજે મકર સંક્રાંતિ ઉપલક્ષ્યમાં ખીચડો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ. તેમાં સર્વે બહેનો મળીને ખીચડોના સાથે ઘણી ઘણી વાનગીઓ બનાવેલ. ભોજન બાદ હાઉઝી ગેમ રમવામાં આવ્યું. જેમાં સર્વે બહેનો ભાગ લીધેલ. સાથે વિવિધ પ્રકારનું રમત-ગમત રાખવામાં આવેલ, ત્યાર બાદ રાસ ગરબા કરવામાં આવેલ. સાંજે ૪ વાગ્યા સુધી બધા ભેગા મળીને ખૂબજ આનંદ માણી હરખભેર વિખરાયા હતા.

## ઝારસુગડા મહિલા મંડળ

આપણા ઝારસુગડા ઘટકના બેલપહાડ નિવાસી ગં.સ્વ. મટુબેન ભાનુભાઈ રાઠોડને ઉંમર ૧૦૬ વર્ષ પૂરા થયા. આપણા ઘટકના વડીલ ઉમેશભાઈ અને પુષ્પાબેન ઉમેશભાઈ રાઠોડના ઘરે જ એમનું મહિલા મંડલ તરફથી સાલ ઓઢાડી સમ્માન કરી આશીર્વાદ પ્રામ કરવામાં આવ્યા હતા.



# વર્ધા મહિલા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય મહિલા મંડળ વર્ધા ઘટક દ્વારા તા. ૧૫/૧/૨૪ સોમવાર મકરસંક્રાંતિનું આયોજન આનંદ ઉત્સાહથી ઉજવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રમત-ગમત, ભોજનનું આયોજન રાખવામાં આવ્યું હતું. વર્ધા ઘટક મહિલા મંડળ પ્રમુખશ્રી મીનાબેન જેઠવા મંત્રીશ્રી નેતલબેન ચૌહાણ ખજાનચી વર્ષાબેન ચાવડા અને ઘટકના સભ્યો બાળકો મહિલાઓ એ હાજરી આપી હતી. આ પ્રસંગે મંત્રી શ્રી નેતલબેન ચૌહાણે બધાનો આભાર માન્યો હતો.

## ગોંદિયા ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભાના રાયપુર મધ્યે આયોજીત ત્રિ-વાર્ષિક અધિવેશનમાં કચ્છથી પધારેલ મહાસભાના ઉપપ્રમુખ શ્રી વિનોદભાઈ ચૌહાણ, મહાસભાના મહામંત્રી શ્રી વિનોદભાઈ પઢિયાર, મહાસભાના વરીષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયાર તથા અન્ય મહાનુભાવોનું ગોંદિયા ઘટકના પ્રમુખ શ્રી અને પદાધિકારી, સભ્યો દ્વારા ગોંદિયા રેલ્વે સ્ટેશનમાં સાદર સત્કાર કરવામાં આવેલ ત્યારથી તસવીર...

# સમાજ ગૌરવ



ગળપાદર ઘટક નિવાસી (મુળ ગામ : કુકમા) શ્રી દિનેશભાઇ કેશવજીભાઇ પરમાર અને શ્રીમતી નીતાબેન પરમારની સુપુત્રી કુ. નિરાલી દિનેશભાઇ પરમાર રાજ્યકક્ષાએ યોજાનારી તલાટી કમ મંત્રીની સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થઇને સરકારી નોકરી મેળવી પરિવાર અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભકામના...



અંજાર ઘટક નિવાસી શ્રી ધીરજલાલ જેરામભાઇ ચૌહાણ તેમજ લક્ષ્મીબેન ધીરજલાલ ચૌહાણના સુપુત્ર ચિ. રામકુમારની ક્લાસ-૨ ઓફીસર તરીકે ગુજરાત વોટર સપ્લાય એન્ડ સિવેજ બોર્ડ (જી. ડબલ્યુ. એસ. એસ. બી.)માં પસંદગી થઇ છે. જી. પી. એસ. સી. ની પરીક્ષા પાસ કર્યા બાદ પસંદગી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન... રામકુમારે આ પ્રતિષ્ઠિત હોદ્દો મેળવી સમસ્ત સમાજનું ગૌરવ વધારેલ છે. ભવિષ્યની કારકીર્દી ઉજ્જ્વળ રહે તેવી શુભકામના....




માધાપર ઘટકના મંત્રી શ્રી ગિરીશભાઇ મેઘજીભાઇ ચૌહાણ અને ભાવનાબેનની સુપુત્રી હિમધી ચૌહાણે પોરબંદરના દરીયામાં યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની સમુદ્રી તરણ સ્પર્ધા ૧૦ કી.મી.માં છઠ્ઠો ક્રમાંક મેળવી ટોપ-૧૦માં સ્થાન મેળવી તેમજ ૧ કી.મી. રાષ્ટ્રીય લેવલની સ્પર્ધામાં ભારત દેશમાંથી આવેલ વિવિધ રાજ્યોના સ્પર્ધકોને પરાસ્ત કરી પ્રથમ ક્રમ મેળવી સમસ્ત સમાજ અને પરિવારનું ગૌરવ વધારેલ છે તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન સહ ઉતરોત્તર પ્રગતિની શુભકામના...



# શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઈ જેઠવા - અંજાર...

# એક અવિરત સેવાની સરવાણી...

આપણા સમાજના 'માતૃશ્રી' શ્રીમતી ભાનુબેન ચૌહાણની પ્રેરક પ્રેરણાથી સમાજ સેવા ક્ષેત્રે પદાર્પણ કરનાર કચ્છ-અંજાર નિવાસી શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવાના નામ એવં કામથી ભાગ્યે જ કોઇ અજાણ હશે. 'માતૃશ્રી' ભાનુમાંના આશીર્વાદથી સન ૧૯૯૮માં અંજાર મહિલા મંડળનું પ્રમુખપદ સ્વિકારી સેવાયાત્રાનો શુભારંભ કર્યો. શ્રીમતી કંચનબેન જેઠવા એ કચ્છ-ખંભરા નિવાસી અને હાલમાં ગળપાદરવાસી કચ્છના સામાજીક, રાજકીય અગ્રણી એવા શ્રી હિરજીભાઇ ગોવાભાઇ ટાંકના સુપુત્રી એવં અંજાર નિવાસી, આપણા સમાજના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી શાંતિલાલભાઇ ગોપાલજીભાઇ જેઠવાના ધર્મપત્ની એવં ચિ. પ્રવિણભાઇ, ચિ. વિનોદભાઇ (વરીષ્ઠ ઉપપ્રમુખશ્રી મહાસભા, પ્રભારી - સંજીવની), ચિ. સુનિલભાઇના માતૃશ્રી તથા શ્રીમતી વંદનાબેન, શ્રીમતી માધવીબેન (ઉપપ્રમુખશ્રી અ.ભા.મહિલા મહામંડળ), શ્રીમતી દીપાબેનના સાસુ સ્વરૂપે સમસ્ત પરિવારને એકસુત્રમાં બાંધી અનન્ય આર્થિક ઉત્થાન કરાવી સમાજમાં એક મૂઠી ઊંચેરૂં સ્થાન અપાવ્યું. શ્રીમતી કંચનબેન જેઠવાની સામાજીક યાત્રા અંજાર મહિલા મંડળના સક્રિય કાર્યકર્તા તરીકે થઇ અને સન ૧૯૯૮માં સર્વાનુમતે અંજાર મહિલા મંડળનું સુકાન સંભાળ્યું ત્યારે ગામતળમાં આવેલ સમાજ ભવનની પછીતે આવેલ બંધ ઓરડાની સાફ-સફાઇ કરાવી, સમાજના ભૂલકાઓ માટે બાલમંદિર શરૂ કરાવ્યું. સવારના ભાગમાં બાલમંદિર અને બપોર બાદ બહેનોને આર્થિક પગભર થવા માટે સિવણ વર્ગો ચાલુ કરાવ્યા. બાળકો અને બહેનોમાટે અવનવા કાર્યક્રમો આયોજીત કરી આ વર્ગમાં અનેરી ચાહના ઉભી કરી. અંજાર મહિલા મંડળને આર્થિક પગભર કરવા માટે ''સેવા સાથે સાધના''ના સુત્રને અનુસરતા નાના-મોટા ધાર્મિક પ્રવાસનું આયોજન કરી બચત કરી અને તેમાંથી બાલમંદિર-સિવણ ક્લાસ માટે જરૂરી સાધન-સામગ્રી વસાવી. પરંતુ કુદરતને કંઇક અલગ જ મંજુર હતું. સન ૨૦૦૧ની સાલમાં આવેલ ભયંકર ભુકંપમાં મહિલા મંડળના મકાન સહીત સર્વે સાધન-સામગ્રી ભયાનક ભુકંપમાં દબાઇ સંપૂર્ણ નષ્ટ થઇ ગઇ. પરંતુ આવી આફતોથી ડરે એ કંચનબેન નહીં. ભયાનક ભુકંપમાં સ્વયંના ઘર પરિવારને પરમકૃપાળુ પરમાત્માએ સંપૂર્ણ સુરક્ષીત રાખ્યું તેને દૈવી આશીર્વાદ સમજી દિવસ-રાત જોયા વગર અંજાર ઘટકના કર્મઠ કાર્યકર્તાઓ સાથે ભુકંપગ્રસ્ત સમાજબંધુઓની સેવામાં સતત ત્રણ મહિના રાહતકેમ્પમાં સેવારત રહી અનન્ય લોકચાહના મેળવી.

કાળક્રમે સમય સરકતો ગયો. કચ્છ પુનઃ પ્રગતિના પંથે દોડવા લાગ્યું. લોકો પણ ભુકંપની ભયાનક યાદોને ભુલી આત્મનિર્ભર થવા લાગ્યા. ભુકંપગ્રસ્તોને ઘેર-ઘેર જઇ અસરગ્રસ્તોના પુનઃવસન માટે તન-મન-ધન-સમયથી સમર્પિત થયા. શ્રીમતી કંચનબેનની આગેવાનીમાં જ અંજાર મહિલા મંડળે અંજારના નૂતન સમાજ ભવન નિર્માણ માટે ૧ રૂમનું અનુદાન આપી, નૂતન સમાજ ભવનમાં સિવણ ક્લાસ અને ત્યાર બાદ દાતાશ્રીઓનો સહયોગ મેળવી કોમ્પ્યુટર ક્લાસ ચાલુ કરી સમસ્ત ભારત વર્ષમાં નામના મેળવી.

સ્વયં ધાર્મિક વૃતિના હોઇ અંજાર મહિલા મંડળ દ્વારા અવાર-નવાર ધાર્મિક આયોજન-પ્રવાસ કરી, શીયાળામાં અડદીયા બનાવી આર્થિક ઉપાર્જન કરી અંજાર મહિલા મંડળને આર્થિક સદ્ધર બનાવ્યું. દાતાશ્રીઓના સહયોગથી લગ્ન ગીતો, જન્મથી મૃત્યુ સુધીની સંસ્કારવિધિઓનું વિગતવાર વર્ણન કરતા પુસ્તકો છપાવ્યા. સમસ્ત ભારત વર્ષમાં આવા પુસ્તકોની ખુબજ મોટી માંગ થવાથી પુનઃ પ્રકાશન કરાવ્યા. મહિલા ઉત્કર્ષ માટે સતત દોડતા રહેતા શ્રીમતી કંચનબેનની જેમ જેમ ઉંમર વધતી જતી તેમ તેમ મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓને વધુને વધુ વેગવંતી બનાવી. યુવાઓને સરમાવે તેવી સ્ફુર્તિથી સતત પ્રવૃત્ત રહેતા અને અબાલ-વડિલો સાથે 'મિત્ર' જેવો વ્યવહાર રાખતા કંચનબેન સતત ત્રણ સત્રથી અંજાર મહિલા મંડળને નેતૃત્વ પુરૂં પાડી સમસ્ત ભારત વર્ષમાં શ્રેષ્ઠ મહિલા મંડળના વિશિષ્ઠ સન્માન મેળવ્યા. વધતી ઉંમરને જરા પણ બાધક ન ગણતા કંચનબેન આવનારી પેઢીને તૈયાર કરી નિવૃતિની ઇચ્છા વ્યક્ત કરી. ઘટક સ્તરે, પ્રાદેશિક સ્તરે અને અંતે અખિલ ભારતીય મહિલા મહામંડળના ઉપપ્રમુખ-સંરક્ષક-સલાહકાર એમ વિવિધ પદ પર સેવા આપી, સમસ્ત ભારત વર્ષમાં સન્માન ભર્યું સ્થાન મેળવ્યું. જ્યાં સુધી પદ પર હતા તેનાથી વિશેષ પદ ત્યાગ કરી અન્ય સેવાભાવી બહેનોને તક આપી, તેમની સાથે સતત જોડાઇ રહી, સતત માર્ગદર્શક બની સવાયા પ્રમુખશ્રી તરીકે સેવા બજાવી. અંજાર ઘટકમાં હોય કે કચ્છ પ્રાદેશિકમાં આયોજીત કોઇપણ સામાજીક, ધાર્મિક, પારિવારિક પ્રસંગોમાં કંચનબેનની હાજરી અચૂક હોય. સ્વયં તો હાજર રહે જ પરંતુ અન્ય બહેનોને પ્રેરીત-પ્રોત્સાહીત કરી, સાથે ને સાથે રાખી આગળ વધ્યા છે. અ.ભા.મહિલા મહામંડળ આયોજીત સંસ્કાર શિબિર, ઘટક સ્તરના સમૂહ લગ્ન, સમૂહ ભાગવત કથા, નવરાત્રી, અષાઢીબીજના આયોજનમાં સદા અગ્રેસર રહ્યા. આદ. કંચનબેનની જીવનગાથાને સંપૂર્ણ આલેખવા જઇએ તો શબ્દો અને સમય પણ ઓછો પડે. જેમનું આચરણ જ સ્વયં જીવનદર્શન છે. જેમનું આચરણ આજ અનુકરણીય અને આદર્શ ગણાય છે. જેમના આશીર્વાદ અને માર્ગદર્શન મેળવવા સૌ આતુર અને આગ્રહી હોય છે આવા ૮૦ વર્ષીય આદરણીય કંચનબેન સમસ્ત સમાજની નારીઓનું પ્રેરક-પ્રેરણાસ્ત્રોત ગણાય છે. અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખશ્રીઓ... સર્વે સ્વ. ભાનુબેન ચૌહાણ, શ્રીમતી પ્રતિમાબેન પરમાર, શ્રીમતી વંદનાબેન ટાંક, શ્રીમતી સવિતાબેન ચૌહાણ, શ્રીમતી કાન્તાબેન કોન્ટ્રાકટર, શ્રીમતી મીનાબેન ચૌહાણ, શ્રીમતી વેલુબેન ચાવડા, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ સાથે રહી મહિલા ઉત્કર્ષના નવા આયામો સર કરતા પરમ આદરણીય શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજારની પરોપકારી સેવાસાધના-સેવાયાત્રાને શત શત નમન... વંદન... અભિનંદન... અનેક વિધ સેવાસંકલ્પ સાથે સંલગ્ન મહિલા ઉત્કર્ષની તમામ પ્રવૃત્તિઓના પ્રેરક પ્રેરણાસ્ત્રોત, મહિલા ઉત્કર્ષના પ્રકલ્પો માટે સતત પ્રવૃત્ત, સમસ્ત નારી જગત માટે દીવાદાંડી સ્વરૂપ જીવન ચરિત્રધારી, વંદનિય કંચનબેન સમસ્ત નારી જગત માટે ગૌરવરૂપ છે. આવી બહુમુખી પ્રતિભાના ધની આદરણીય કંચનબેનને અમારા બહેનોની લાંબા સમયની લાગણી અને માંગણીને માન આપતા, અખિલ ભારતીય મહિલા મહામંડળ, સમાજના નારી જગતનું સર્વોચ્ચ સન્માન ''નારીરત્ન'' થી વંદનીય કંચનબેન જેઠવાને વિભુષિત કરતા અત્યંત હર્ષની લાગણી અનુભવે છે. પરમકૃપાળુ પરમાત્મા વંદનીય કંચનબેન જેઠવાને સ્વાસ્થ્યમયી દીર્ઘાયુ અર્પણ કરે અને સમસ્ત સમાજના નારી જગતને આપનો પ્રેમ, આશીર્વાદ, માર્ગદર્શન સતત મળતું રહે એજ અભ્યર્થના જય સમાજ...જય નારી શક્તિ.

**શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી - ભુજ**
**પૂર્વ પ્રમુખશ્રી, અખિલ ભારતીય મહિલા મહામંડળ**

**દિનાંક : ૨૪-૧૨-૨૦૨૪ સ્થળ : રાયપુર (છત્તિસગઢ)**

# સ્વ. મણીબેન હિરજીભાઇ ગોવાભાઇ ટાંક પરિવારનું ગૌરવ





## 'નારીરત્ન'

## શ્રીમતી કંચનબેન શાંતિલાલભાઇ જેઠવા - અંજાર


શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા મહિલા જગતનું સર્વોચ્ચ સન્માન ''નારીરત્ન'' થી વિભૂષિત થવા બદલ સમસ્ત સ્વ. મણીબેન હિરજીભાઇ ગોવાભાઇ ટાંક પરિવાર – ગળપાદર ગૌરવની લાગણી અનુભવે છે. આપની સમાજ સેવાની સફર અવિરત ચાલતી રહે અને સમાજ – નારી ઉત્કર્ષના કાર્યો આપ સદૈવ કરતા રહો એવી અભિલાષા સહ શુભકામના...

:: શુભેચ્છક પરિવારજનો ::

## સ્વ. મણીબેન હિરજીભાઇ ગોવાભાઇ ટાંક પરિવાર (ખંભરા) ગળપાદર

શ્રી પરસોત્તમભાઇ હિરજીભાઇ ટાંક – ગળપાદર
શ્રીમતી અન્નપુર્ણાબેન પરસોત્તમભાઇ ટાંક – ગળપાદર
શ્રી દિનેશભાઇ હિરજીભાઇ ટાંક – અંજાર
શ્રીમતી ભાવનાબેન દિનેભાઇ ટાંક – અંજાર
શ્રી ડૉ. પ્રફુલચંદ્ર હિરજીભાઇ ટાંક – ગળપાદર
શ્રીમતી ગીતાબેન પ્રફુલચંદ્ર ટાંક – ગળપાદર
સ્વ. કાંતિલાલ હરિરામભાઇ ચૌહાણ – બારામતી
ગં.સ્વ. ભાગેરતીબેન કાંતિલાલ ચૌહાણ – બારામતી
શ્રી પ્રાગજીભાઇ ધનજીભાઇ પઢિઆર – અંજાર
શ્રીમતી નયનાબેન પ્રાગજીભાઇ પઢિઆર – અંજાર
શ્રી વાસુદેવભાઇ શિવજીભાઇ ચાવડા – અંજાર
શ્રીમતી હંસાબેન વાસુદેવભાઇ ચાવડા – અંજાર
સ્વ. હિંમતભાઇ શાંતિલાલ રાઠોડ – માધાપર
ગં.સ્વ. ત્રિલોચનાબેન હિંમતભાઇ રાઠોડ – માધાપર

# શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય - કુકમા દ્વારા પ્રવાસ યોજાયો








છાત્રાલય ની વિદ્યાર્થીઓનો વિજ્ઞાનમાં રસ, રૂચી વધે તેવા હેતુસર વિદ્યાર્થીનીઓના માટે તા. ૦૨/૦૧/૨૦૨૪ના રોજ ભુજ ખાતે આવેલ રીજીયોનલ સાયન્સ સેન્ટરના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. વિદ્યાર્થીનીઓ માટેના આ પ્રવાસ આયોજનનો તમામ ખર્ચ છાત્રાલયના ઉપપ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પુરૂષોત્તમભાઇ પરમાર - ગાંધીધામ દ્વારા આપવામાં આવેલ હતો. વિદ્યાર્થીનીઓ દ્વારા આ સાયન્સ સેન્ટરના મરીન સાયન્સ, સ્પેસ સાયન્સ, નેનો ટેકનોલોજી, બોનસાઇ ટ્રી વગેરે વિભાગોની મુલાકાત લઇ પ્રશ્નોતરી દ્વારા દરેક ગેલેરીની માહિતિ ત્યાંના કર્મચારીઓ પાસેથી મેળવવામાં આવી હતી. ત્યાં આવેલી અદ્‌ભૂત ગેલેરીઓ અને તમામ વિભાગો નિહાળી વિદ્યાર્થીનીઓ ખુબજ રોમાંચીત થયેલ હતી.

આ પ્રવાસમાં છાત્રાલયના ઉપપ્રમુખ પ્રભુલાલભાઇ પી. પરમાર સાથે મંત્રી શ્રી રમેશભાઇ ચૌહાણ, ખજાનચી શ્રી અનિલભાઇ ચૌહાણ, માનદ્ વ્યવસ્થાપક શ્રી મોહનલાલભાઇ ચૌહાણ, સહવ્યવસ્થાપક શ્રીમતી અનસુયાબેન પરમાર, શ્રીમતી કલાબેન પરમાર, શ્રીમતી ઉષાબેન ચૌહાણ, શ્રી રવિભાઇ ચૌહાણ તથા છાત્રાલયનો સમગ્ર સ્ટાફ જોડાયેલ હતો. આવા સુંદર આયોજન માટે છાત્રાલય પરિવાર તરફથી શ્રી પ્રભુલાલભાઇ પી. પરમારનો આભાર માનવામાં આવે છે.

આ શૈક્ષણિક પ્રવાસના અંતે સાંજે છાત્રાલયના પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીના આત્મીય અને સ્નેહમય આમંત્રણથી તેમના ઔદ્યોગિક સંકુલ શ્રીરામ ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝની માધાપર ખાતે આવેલ કોર્પોરેટ ઓફીસની મુલાકાત કરવામાં આવેલ હતી. 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકી દ્વારા આત્મીય આવકાર બાદ તેમની ઓફીસના વિવિધ વિભાગની વિદ્યાર્થીનીઓને માહિતી આપવામાં આવેલ. તેમના સુપુત્ર શ્રી મોહિતભાઇ સોલંકી દ્વારા પોતાના વ્યસ્ત શિડ્યુલ વચ્ચે હાજર રહી વિદ્યાર્થીનીઓને પોતાના ઉદ્યોગ અને વિવિધ ખનીજોના ઉત્પાદન અને પ્રોસેસની માહિતિ આપવામાં આવેલ હતી. આજની કોર્પોરેટ ઓફીસની મુલાકાતની ખુશીમાં શ્રી વિનોદભાઇ સોલંકીના પરિવાર દ્વારા દરેક વિદ્યાર્થીની અને સ્ટાફને ગરમ શાલ અને રોકડ રકમ ભેટ આપવામાં આવી હતી તથા તમામ હોદ્દેદારોનું શાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ હતું. આ પ્રવાસમાં જોડાનાર તમામ માટે તેઓશ્રીના પરિવાર દ્વારા રાત્રી ભોજનની સુંદર વ્યવસ્થા પણ તેઓશ્રીની કોર્પોરેટ ઓફીસ ખાતે કરવામાં આવેલ હતી. છાત્રાલય પરિવાર વતી પ્રમુખશ્રી 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ સોલંકીનો આભાર માનવામાં આવેલ.

સૌજન્ય

Cell : 94242 12886

**શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ**

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પૂર્વ પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજભાઈ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજભાઈ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

શ્રી આર્યન યતિનકુમાર રાઠોડ

(B.Tech. Comp.Sc.- IIT (Gauhati-Assam)

# સિનીયર સિટીઝન ક્લબ - ગાંધીધામ



શ્રી ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સાર્વજનિક ટ્રસ્ટના સહકારથી તા. ૦૪-૦૧-૨૦૨૪, ગુરૂવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ વાગ્યા સુધી શ્રી ગાંધીધામ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન સ્થળે, શ્રી ક.ગુ.ક્ષ. સમાજ સિનીયર સિટીઝન ક્લબ ગાંધીધામ દ્વારા લાયન્સ હોસ્પિટલ, ભુજના સહકારથી ફ્રી નેત્ર તપાસ કેમ્પ તથા સિનિયર સિટીઝન ક્લબની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮૬ જણની આંખ ચેકઅપ ગાંધીધામ તપાસ કેમ્પમાં કરવામાં આવેલ. ૨૬ જણને ઓપરેશન કરાવવાનું કહેવામાં આવેલ. આ કેમ્પમાં ગાંધીધામ, આદીપુર, અંજાર અને ગળપાદરના સમાજના ભાઇ-બહેનોએ લાભ લીધો હતો.

આંખ તપાસ કેમ્પ અને મીટીંગની શરૂઆત દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. ક્લબની મીટીંગની શરૂઆતમાં ક્લબના પ્રમુખ શ્રી પ્રભુલાલભાઇ પી. પરમારે પધારેલ ડૉક્ટર, ક્લબના સભ્યો, આમંત્રિત મહેમાનો તથા આંખ તપાસ માટે આવેલ સમાજના ભાઇઓ બહેનોને આવકાર આપેલ. ત્યાર બાદ અંજારથી પધારેલ આપણા સમાજના શ્રીમતી મીનાબેન ચૌહાણ દ્વારા શરીરમાં આવેલ પોઇન્ટ વિષે જાણકારી આપી હતી. ત્યાર બાદ ગાયક કલાકારો દ્વારા મ્યુઝીકલ ફીલ્મી ગીતો રજુ કરવામાં આવેલ. ત્યાર બાદ સમાજના ડૉકટર જાનકી ચૌહાણ દ્વારા સ્વાસ્થની જાગૃતિ વિષે પ્રત્યક્ષ જાણકારી આપી હતી. લાયન્સ ક્બલ ભુજ દ્વારા નેત્ર વિષે જાણકારી આપવામાં આવી હતી. ત્યાર બાદ પધારેલ મહેમાનો, ડૉક્ટર તથા સેવાભાવી હોદ્દેદારોનું સન્માન કરવામાં આવ્યું હતું. ૧૨.૩૦ વાગે નેત્ર કેમ્પ સમાપ્ત થયેલ. ત્યાર બાદ ક્લબના સભ્યોને નેત્ર અને નાકના સ્વાસ્થ્ય માટે ફ્રીમાં દરેકને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.


ઉપરોક્ત નેત્ર તપાસ કેમ્પ અને ક્લબની મીટીંગના આયોજન અને સ્ટેજ સજાવટમાં સહયોગ આપનાર નૈનાબેન ચૌહાણ, કલાબેન પી. પરમાર, નિતિનભાઇ વેગડ, ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે સોલંકી, વલ્લભજીભાઇ વાઘેલા, શ્રી પ્રવિણભાઇ એન. પરમાર, લીલાધરભાઇ રાઠોડ તથા જેભાઇ રાઠોડનો આભાર માનવામાં આવેલ.

# ।। શ્રી રામ ।।



રામ કહે હું ૫૦૦ વર્ષ થી રાહ જોઉં છું,
કોણ મારૂં ઘર બાંધે એની વાટ જોઉં છું.
હું તો જંગલને વનવગડામાં ભટકુ છું,
નરેન્દ્રભાઈ મોદીજી કહે હું તારી સાથે જ છું.
મોદીજીએ કથા સાંભળી રામની,
હું ચોકીદારી કરું છું આખા દેશની,
મોદીજીએ ચા પીવડાવી લઈને રામ નામની,
અમુક લોકોએ ના પાડી ચાય પીવાની.
ચા પીને બધા કહે છે રામ રામ,
મોદીજી કહે આ જ તો છે મારૂં કામ.
તેઓ દરેકને કહે છે આરામ હરામ છે,
ભારત માતાની સેવા એ જ મારૂં કામ છે.
ચલો બધા તૈયાર થઇ જાવો,
બધા મળીને અયોધ્યા જાવ.
પ્રભુ રામલલ્લાનું મોટું ઘર બનાવો,
આ તો જાણે રામલલ્લાનું મંદિર બની ગયું.
આજે હર ઘરમાં રામધૂન સંભળાય છે,
દેશ-વિદેશમાં રામનો ઝંડો લહેરાય છે.
રામ નામની મહિમા અપાર છે,
એ તો ભવસાગરથી પાર ઉતારે છે.
મોદીજી તમે ગજબના ને કલ્પનાથી પરે છો,
પ્રભુનું રામ મંદિર ફક્ત તમે જ બનાવી શકો છો.
મોદીજી દેશને તમારા ઉપર ગર્વ છે.
આખું વિશ્વ તમારા સામે નતમસ્તક...,
નતમસ્તક... નતમસ્કતક છે...

।। જય શ્રી રામ ।।



**સૌ. અરૂણા વિ. યાદવ**
**પુના**
**મો. ૯૯૨૨૪૪૬૧૨૬**

# ધાણેટી મધ્યે સમાજના શૂરાપૂરા દાદાના સ્થાનકે હવન-મહાપ્રસાદ યોજાયો




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના શૂરાપૂરા દાદાના સ્થાનક ધાણેટી મધ્યે દર વર્ષની જેમ આ વર્ષે પણ કારતક માસની અંધારી ચૌદસ તા. ૧૧-૧૨-૨૦૨૩ના ભુજ તાલુકાના ધાણેટી ગામમાં આવેલ ચૌહાણ, પરમાર, સોલંકી અને રાઠોડના શૂરાપૂરા દાદાના પાળીયાઓના સ્થળે હવનનું આયોજન શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીના મુખ્ય યજમાન પદે કરવામાં આવેલ હતું.

હવન વિધીમાં શ્રી દિપેશભાઇ ભવાનભાઇ ચૌહાણ - ગાંધીધામ, શ્રી હિતેશભાઇ અમૃતલાલભાઇ રાઠોડ - માધાપર, શ્રી જયદિપભાઇ મનોજભાઇ સોલંકી - માધાપરને સમાજગોર શ્રી પરેશભાઇ શાંતિલાલભાઇ ત્રિવેદીએ પૂજા તેમજ હવન વિધી કરાવેલ હતી. આ પ્રસંગે સમાજરત્ન શ્રી વિનોદભાઇ પી. સોલંકી તરફથી ગાયોને નિરણ લીલો ચારો ૧૫૫ મણ તેમજ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તરફથી ધાણેટી ગામની કુમાર શાળા, કન્યા શાળા અને બોર્ડીંગના બાળકોને તેમજ પધારેલ સૌ સમાજના ભાઇઓ-બહેનો અને ભક્તોને મહાપ્રસાદ આપવામાં આવેલ હતો.

આ કાર્યક્રમમાં શ્રી મોહિતભાઇ વી. સોલંકી, શ્રી જયમિતભાઇ એમ. સોલંકી, શ્રી મોહનભાઇ જે. ચૌહાણ, શ્રી શૈલેષભાઇ આર. ચૌહાણ, શ્રી હરિલાલભાઇ પી. ચૌહાણ, શ્રી દિલીપભાઇ જી. ચૌહાણ, શ્રી આશિષભાઇ ડી. ચૌહાણ, શ્રી મિતેશભાઇ જે. ચોક્સી, શ્રી પાર્થભાઇ એન. રાઠોડ, શ્રી ધનરાજભાઇ ડી. રાઠોડ તેમજ શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના ભાઇઓએ તમામ કાર્યમાં પુરો સાથ-સહકાર આપેલ હતો તે સૌનો શ્રી શાંતિલાલભાઇ ઓ. ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો.

# ચૌહાણ પરિવાર-રેહા ના શૂરાપૂરા દાદાનો હવન યોજાયો




ચૌહાણ પરિવાર-રેહા ના શુરા પુરા દાદા ના સ્થાનકે તા.૧૦.૧.૨૩ ના રોજ હોમ હવન અને મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવેલ હતું.હવન પહેલાં દાદા ના પાળિયા ને સિંદુર-પાઘ અને ધુપ દીપ થી શણગારવામાં આવ્યા હતા.ત્યારબાદ પરિવાર વતી સ્વ. ભવાનભાઇ ખેતસીભાઇ ચૌહાણ-ગાંધીધામ ના સુપુત્રો તથા ધરમશીભાઇ દામજી ચૌહાણ એ હવનવિધી માં ભાગ લીધો હતો. હવન બાદ બહેનો દ્વારા ભજનો અને રાસ ગરબા નો આનંદ લેવામાં આવેલ હતો.મહાપ્રસાદ ના દાતા ગં.સ્વ. ગુણવંતીબેન ભવાનભાઇ ખેતસીભાઇ ચૌહાણ-ગાંધીધામ નું પ્રમુખ મોહનભાઇ ચૌહાણ,મંત્રી વિનોદભાઈ ચૌહાણ ના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું.માતાજી ના ભુવા અમરશીભાઇ ચૌહાણ એ હાજર રહી આશિર્વાદ આપેલ હતા.હવનવિધી જનક મહારાજે સંપન્ન કરાવેલ હતી. બાબુભાઈ ચૌહાણ, શાન્તિલાલભાઈ ચૌહાણ, સોમનભાઇ ચૌહાણ, ગિરીશભાઇ ચૌહાણ,દિલીપભાઈ ચૌહાણ,ત્રંબકલાલ ચૌહાણ તથા ભુપત ચૌહાણ એ વ્યવસ્થા સંભાળી હતી.

# મા જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢ





પર્વતમાળાથી ઘેરાયેલ તથા મોનસુનના પ્રભાવને કારણે કેંજોરમાં ખુબજ ઠંડી પડે તેમજ આ તાલુકો પછાત શ્રેણીમાં આવે છે. છેલ્લા અનેક વર્ષોથી ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાના કાર્યો સાથે ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવે છે. તા. ૩૧-૧૨-૨૦૨૩ તથા ૦૧-૦૧-૨૦૨૪ના માં જગદંબા ટ્રસ્ટ - કેંજોરગઢ દ્વારા નવા વર્ષની ઉજવણી પ્રસંગે મંદિરના દર્શન ઉપરાંત બાંસપાલ વિસ્તારના ડંગાપાણી અને ભજુડીહી આદિ દૂરના ડુંગરાળ ગામોમાં ધાબળા અને ગરમ વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન ડૉ. નરેન્દ્રભાઇ રાઠોડ, ટ્રસ્ટી શ્રી પરેશભાઇ ટાંક, સોમનાથભાઇ ચાવડા, જગદીશભાઇ રાઠોડ, હરીશભાઇ યાદવ, દેવેશ રાઠોડ, રાજકુમાર રાઠોડ, હિતેશભાઇ રાઠોડ, રમણીકલાલભાઇ રાઠોડે સક્રિયપણે ભાગ લીધો હતો.

# વિદ્વતાનું ઘમંડ

**માયાબેન ભરતભાઇ વાઢેર**
**અંજાર**

મહાકવિ કાલિદાસના કંઠમાં સાક્ષાત સરસ્વતિ બિરાજમાન હતા. શાસ્ત્રાર્થમાં તેમને કોઇપણ પરાજીત કરી શકતા ન હતા. અપાર યશ, કિર્તી, પ્રતિષ્ઠા અને સમ્માન પામી ચુકેલા કાલિદાસને એકવાર પોતાની વિદ્વતા પર ઘમંડ આવી ગયું. એમને લાગ્યું કે મારામાં હવે વિશ્વનું સમસ્ત જ્ઞાન પ્રાપ્ત થઇ ચૂક્યું છે. હવે કાંઇ બાકી નથી બચ્યું. મારાથી મોટો જ્ઞાની સંસારમાં કોઇ નથી.

એક વખત પડોશી રાજ્યમાંથી શાસ્ત્રાર્થ માટે નિમંત્રણ મળતા રાજા વિક્રમાદિત્યથી પરવાનગી લઇ ઘોડા પર સવાર થઇ રવાના થયા. ગરમીના દિવસો હતા. અતિશય ગરમીને કારણે તેમને તરસ લાગી, આગળ તપાસ કરતાં તેમને એક તુટીફુટી ઝુંપડી નજરે પડી. પાણીની આશાએ તેઓ ઝુંપડી તરફથી આગળ વધ્યા. ઝુંપડી સામે એક કુવો આવેલ હતા. તેમણે વિચાર કર્યો કે ઝુંપડીમાં કોઇ હોય તો પાણી માટે વિનંતી કરું. એજ વખતે ઝુંપડીમાંથી એક નાની બાલિકા ખાલી માટલું લઇ બહાર આવી અને કુવામાંથી પાણી ભરી જવા લાગી. કાલિદાસ તેણી પાસે જઇ બોલ્યા, ''બેટી ખૂબ તરસ લાગી છે, થોડું પાણી આપી.'' બાળકીએ પૂછ્યું ''તમે કોણ છો ? હું તમને ઓળખતી નથી.'' પ્રથમ તમારો પરિચય આપો. કાલિદાસને લાગ્યું, ભલા મને કોણ નથી જાણતું ? મને પરિચય દેવાની શું જરૂરત ? છતાં અતિશય તરસથી બેહાલ હોવાને કારણે બોલ્યા, બેટી, તું નાની છો. ઘરમાં કોઇ મોટું હોય તો તેને બોલાવ. એ મને ઓળખી જશે. મારૂ ઘણું મોટું નામ છે. હું મોટો વિદ્વાન છું. કાલિદાસના ઘમંડ ભર્યા વચનોથી અપ્રભાવિત બાળકી બોલી આપ ખોટું બોલી રહ્યા છો. સંસારમાં બે જ મોટા છે જેને હું ઓળખું છું. તમારે તરસ છીપાવવી હોય તો એ બેનું નામ બતાવો.

થોડો વિચાર કરી કાલિદાસ બોલ્યા, હું નથી જાણતો. તું જ બતાવ. ત્યારે બાળકી બોલી દુનિયામાં બે જ બળવાન છે 'અન્ન' અને 'જળ' આ બન્નેમાં એવી શક્તિ છે જે અતિ બળવાનને પણ નમાવી દે છે. જુઓ, જળ ન મળવાને કારણે આપની શું હાલત થઇ છે ! કાલિદાસ એક બાળકી સામે નિરૂત્તર રહ્યા. બાળકી જવા લાગી. ફરી કાલિદાસે પાણીની માગણી કરી તો બાળકીએ કહ્યું, તમે સાચું બતાવો કોણ છો તમે ?

કાલિદાસે કહ્યું, હું અથકયાત્રી છું. ફરી બાળકી બોલી, ના, ફરી ખોટું બોલ્યા. અથકયાત્રી તો વિશ્વમાં બે જ છે. 'સૂર્ય અને 'ચંદ્રમાં'. જેઓ થાક્યા વગર અવિરત ચાલ્યા કરે છે. કાલિદાસની હાલત કફોડી બનતી ગઇ. એક તો તરસ અને ઉપરથી અપમાનિત સ્થિતિ. બાળકી તો ભરેલું માટલું લઇ ઝુંપડી તરફ ચાલી ગઇ. એવામાં તેમની નજર તે જ ઝુંપડીમાંથી નિકળતી વૃદ્ધા ઉપર પડી. જે પાણીનું માટલું લઇ કુવા તરફ આવી રહી હતી. કાલિદાસને તરસ છીપાવવા માટે થોડી આશા બંધાઇ. વૃદ્ધા કુવામાંથી પાણી ભરવા લાગી. કાલિદાસે વૃદ્ધાને કહ્યું માજી, થોડું પાણી મળશે ? ખૂબ તરસ લાગી છે. ત્યારે વૃદ્ધાએ કહ્યું હું તમને ઓળખતી નથી. તમે કોણ છો? કાલિદાસે કહ્યું હું એક મહેમાન છું.

વૃદ્ધાએ કહ્યું, તમે ખોટું બોલો છે. તમે મહેમાન ન હોઇ શકો. કારણ કે સંસારમાં બે જ મહેમાન હોય છે 'ધન' અને 'યૌવન'. જેને જવામાં સમય નથી લાગતો. સાચું બચાવો તમે કોણ છો ? હતાશ કાલિદાસ બોલ્યા માજી, હું સહનશીલ છું, હવે તો પાણી પીવડાવો. વૃદ્ધાએ કહ્યું નહીં, હજી તમે ખોટું બોલો છો. સહનશીલ તો બે જ છે. એક 'ધરતી' અને બીજું 'વૃક્ષ'. ધરતી પાપાત્મા અને પૂણ્યાત્માનો બોજ સહન કરે છે અને વૃક્ષ જેને પત્થર મારવા છતાં ફળ આપે છે.

તમને સહનશીલ નથી. ત્યારે મુર્છાવસ્થા જેવી સ્થિતિમાં કાલિદાસ બોલ્યા હું હઠીલો છું. ત્યારે વૃદ્ધાએ કહ્યું, તદ્દન ખોટું !

હઠીલા તો બે જ છે એક 'નખ' અને બીજા 'વાળ'. જેને વારંવાર કાપ્યા કરીએ તોય વધ્યા જ કરે. કાલિદાસ હવે વધુ બોલવાની સ્થિતિમાં રહ્યા ન હતા. તેઓ વૃદ્ધાને પગે પડી માફી માગી અને પાણી માગ્યું. વૃદ્ધાએ કાલિદાસના ખભા પકડી કહ્યું ઉઠો વત્સ, કાલિદાસે જેવું ઉપર જોયું તો સાક્ષાત સરસ્વતિદેવી ઉભા હતા. કાલિદાસ ફરી નતમસ્તક થઇ ગયા. માતા સરસ્વતિ બોલ્યા, વત્સ, શિક્ષા ધારણ કરવાથી જ્ઞાન આવે છે અહંકાર નહીં. તમે શિક્ષાના બળથી મેળવેલ જ્ઞાન, માન, પ્રતિષ્ઠાને જ સ્વયંની પ્રાપ્તિ માની લીધી અને અહંકારમાં આવી ગયા. તમારા અહંકારના અંધકારને દૂર કરવા માટે જ મારે આવો સ્વાંગ રચવો પડ્યો. કાલિદાસને પોતાની ભૂલ સમજાઇ ગઇ. ત્યાર બાદ ભરપેટ પાણી પીધું અને આગળની યાત્રા ઉપર ચાલી નિકળ્યા.

# જીવનનું મૃત્યુ પત્ર "Living Will"

**ગીતાબેન ગીરધરભાઇ ચૌહાણ**
**ઔરંગાબાદ**

"Living Will" જીવનનું મૃત્યુ પત્ર શિર્ષક જ થોડું અલગ લાગે છે ને ? આપણને ઘણી વખત પ્રોપર્ટી "Living Will" ના બારામાં સાંભળવા મળે છે. આપણે પણ આપણા પ્રોપર્ટીનું "Will" બનાવીએ છીએ. પણ આપણું શરીર પણ એક પ્રકારની પ્રોપર્ટી છે. આપણું જીવન આપણે સારી રીતે જીવી શકીએ એવો પ્રયત્ન આપણે કરીએ જ છીએ. એના માટે આપણે પ્રયત્નો પણ કરીએ છીએ. પ્લાનિંગ પણ કરીએ છીએ. પણ જેમ જેમ આપણી ઉંમર વધે છે, આપણે જવાબદારીઓથી મુક્ત થઇએ છીએ તેમ મ તેમ વિચાર મનમાં આવે છે કે હવે આગળ શું ? આપણું શરીર એકદમ સારૂ રહે એવો આપણે પૂરેપૂરા પ્રયત્નો કરીએ છીએ પણ શરીર ક્યાં સુધી સાથ આપશે ? ક્યારેક તો એ થાકશે જ ને ? અને મૃત્યુ આવશે જ. તો પછી આપણને મૃત્યુ કેવું જોઇએ છે એનો વિચાર કરવામાં શું હરકત છે ? એક સર્વેક્ષણમાં એ વાત સામે આવી છે કે કેવળ ૭ ટકા લોકોનું જ અકસ્માત મૃત્યુ થાય છે. ઘરે જ આપણું મૃત્યુ તાય એવી સર્વેની ઇચ્છા હોય છે. જીવનના આખરી ક્ષણો દવાખાનામાં ના જાય એવી સર્વેની ઇચ્છા હોય છે.

બિમારીના ઉપચારો માટે આપણા શરીરમાં નળીઓના લાગે એવી સર્વેની ઇચ્છા હોય છે. એવા સમયે આપણા શરીરના રોગો વિષે ક્યા ઉપાય કરવા અથવા ના કરવા એનો સ્પષ્ટ નિર્દેશ કરવાવળો દસ્તાવેજ એટલે જ 'જીવનનું મૃત્યુ પત્ર'.

મૃત્યુ શાંતિથી આવે એના માટે પ્રયત્ન કરવા પડે છે. એ પ્રત્યનો આધ્યાત્મિક સ્વરૂપનાં હોઇ શકે છે તેવી જ રીતે ભૌતિક સ્તર ઉપર "Living Will" (ઇચ્છા પત્ર) દ્વારા આપણે એ પ્રયત્ન કરી શકીએ છીએ. અંતિમ ક્ષણ સુધી પેશન્ટ ઉપર ઉપચાર કરવા એ ડૉક્ટરનું કર્તવ્ય હોય છે અને તે એમને બંધનકારક પણ હોય છે. એટલા માટે ઉપચાર ન કરવાનો નિર્ણય ડૉક્ટર નથી લઇ શકતા. પેશન્ટના પરિવારજનો પણ સામાજીક ડરનાં કારણે આવા નિર્ણય નથી લઇ શકતા અને આ કારણે જ પેશન્ટના આખરી ક્ષણોમાં ખુબજ હાલ બેહાલ થાય છે.

આપણા વારસદારોને અને આપણા ડૉકટરોને આપણે એ માહિતિ "Living Will" દ્વારા આપી શકીએ છીએ. આપણે બિમાર પડીએ ત્યારે ક્યા ઉપચાર કરવા અથવા ના કરવા એ વિશે



સ્પષ્ટ ઉલ્લેખ કરવો. ઉદાહરણાર્થે - મારું દિમાગ કાર્ય કરવાનું બંધ કરી દે, મને કાંઇ પણ સમજાય નહીં ત્યારે મને જીવતા રાખવાનો પ્રયત્ન ના કરશો. નળીથી અન્ન દેવાના ઉપચારોના કરશો. નળીથી ઓક્સીજન દેવાના પણ પ્રયત્નો ના કરશો. મારા ઉપર ઘરે ઉપચાર કરવા. જો દેહદાન અથવા નેત્રદાનની ઇચ્છા હોય તો એનો ઉલ્લેખ પણ "Living Will" માં કરવો.

અમારી માટે એ ગર્વની વાત છે કે અમારા ઔરંગાબાદ ઘટકના શ્રીમતી દીનાબેન મહેન્દ્રભાઇ વરૂએ મૃત્યુ ઉપરાંત દેહદાન કરીને એક અનુકરણીય કદમનો દાખલો પેશ કર્યો છે. દીનાબેન ઔરંગાબાદ ઘટકના હતા એનું અમને ગર્વ છે.

"Living Will" કરવા પહેલા ઘરમાં પતિ-પત્ની, પુત્ર-પુત્રીઓ સાથે તથા ડૉક્ટર સાથે ચર્ચા જરૂર કરવી. ત્યાર બાદ "Living Will" ની પ્રત સંબંધીત વ્યક્તિને આપવી. કારણ કે અંત સમયે જે હાલ વ્યક્તીના થાય છે એ પરિવારજનોને જ જોવા પડે છે અને એ ઘણું કલેશદાયક હોય છે.

"Living Will" કરવું એનો અર્થ એવો નથી કે આપણને વૈદ્યકીય ઉપચાર નહીં મળે. જ્યાં સુધી આપણે આપણી ઇચ્છા બતાવી શકીએ એ પરિસ્થિતિમાં હશું ત્યાં સુધી તો આપણી ઇચ્છા પ્રમાણે જ ઉપચારો થશે અને ત્યાર બાદ જ "Living Will" માં લખેલી તમારી ઇચ્છાઓ પ્રમાણે ઉપચારો થશે. પણ ભારતમાં ભાવ-વિવશતાનાં કારણે પેશન્ટ ઉપર ઉપચાર કરાય છે એ વાત પણ સાચી છે. "Living Will" આ વિષય જરા બોલ્ડ તો છે પણ મારા હિસાબે ''સોચના તો બનતા હૈ ભાઇ...'' ડૉક્ટરોનું કહેવું છે કે જો આપણી આંખો નિરોગી હોય તો આપણે ૧૦૦ વર્ષની ઉંમરે પણ આંખોનું દાન કરી શકીએ છીએ. આ વિચાર જ કેટલો અદ્‌ભૂત છે કે આપણો આત્મા આ સંસારથી વિદાય લઇ ચૂક્યો હશે પણ આપણી આંખો આ સંસારને આપણા મૃત્યુ પછી પણ જોઇ શકશે. અંતે ફરીથી કહીશ કે 'સોચના તો બનતા હૈ...''.



## Jay Chawda

| | | |
|---|---|---|
| Father | : | Shri Pramod Chawda |
| Mother | : | Smt. Sangeeta Chawda |
| Grand Father | : | Shri Narayanbhai Karsanbhai Chawda |
| Grand Mother | : | Smt. Diyvabada Chawda |
| Date of Birth | : | 10/10/1997 |
| Time of Birth | : | 12:30 pm |
| Place of Birth | : | Mandsaur (MP) |
| Height | : | 5 Feet 7 Inch |
| Weight | : | 70 Kg    Blood Group : B+ |
| Education | : | Master of Business Administration in Operations & Finance (Indore) |
| Qualification | : | Bachelor of Commerce (Indore) |
| Occupation | : | Working as a Manager Hub Floor Ops with Delhivery Ltd. (Indore) Worked as Sr. Executive with Flipkart (Kota) |
| Father's Occp. | : | Business, HP Gas Agency |
| Languages Kn. | : | Gujarati, Hindi, English |
| Native | : | Deevariya |
| Kuldevi | : | Shri Brahmani/Sikotara Maa |
| Gotra | : | Kashyap |
| Siblings | : | Yashi Amit Rathod (Elder Sister) |
| Nana | : | Lt. Purushottambhai Rathod |
| Nanimaa | : | Smt. Nirmalaben Rathod |
| Mama | : | Kamlesh P. Rathod - 9778211224 |
| Mama | : | Deepak P. Rathod - 9438312535 Jharsuguda, Orissa |
| Address | : | Sangeeta H.P. Gas Agency, Subhash Marg, Shamgarh (MP) Dist. Mandsaur - 458883 |
| Contact | : | 9893801466, 9893324253 |
| E-mail | : | chawdajay10@gmail.com |

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત

## શ્રી રાયબહાદુર જગમાલભાઈ રાજાભાઈ ચૌહાણ
## વિદ્યાર્થી ભવન - ભુજ



### જાહેર વિજ્ઞપ્તી

શ્રી કેળવણી મંડળ સંચાલિત ભુજ વિદ્યાર્થી ભવન મધ્યે આગળના ખુલ્લા ભાગમાં પતરાનો સેડ (૩૫૦૦ સ્કે.ફૂટ) લગાડવાની યોજના છે. આ કાર્ય માટે હાલના એસ્ટીમેટ મુજબ રુ.૭.૫૦ લાખ (રૂા. સાત લાખ પચાસ હજાર)નો અંદાજીત ખર્ચ છે. આ ખર્ચને પહોંચી વળવા માટે પોતાના સ્વજનોની યાદમાં અને સંસ્થાનું ઋણ ચુકવવા સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અનુદાન આપી આ કાર્યમાં મદદરૂપ થવા આપ સૌ કેળવણી પ્રેમી દાન દાતાશ્રીઓને જાહેર અપીલ કરવામાં આવે છે. અનુદાન નીચેના બેંક એકાઉન્ટ નંબર પર મોકલી શકો છો.

**Central Bank of India**
**Ac/No. - 1238105687**
**IFSC Code - CBIN0280589**

(ખાસ નોંધ– અનુદાન જમા કરાવ્યા બાદ પેમેન્ટ નો સ્કીન શોટ સાથેની જાણ ભુજ ભવન પ્રમુખ/મંત્રીને અવશ્ય કરવી.)

:: વિનીત ::

**શ્રી મનોજભાઈ સોલંકી (પ્રમુખશ્રી)**
**મો. ૯૮૨૫૪૨૮૧૦૦**
**શ્રી વિનોદભાઈ ખોડીયાર (મંત્રીશ્રી)**
**મો. ૯૪૦૮૨૪૪૬૪૪**
**શ્રી અનિલભાઈ ચૌહાણ (મંત્રીશ્રી)**
**મો. ૯૪૦૮૪૩૫૪૧૮**
**શ્રી દીપકભાઈ ચૌહાણ – મો. ૯૮૭૯૨૦૮૬૬૨**
**(પ્રમુખશ્રી – ભુજ ભવન)**
**શ્રી ઉમંગભાઈ પરમાર – મો. ૯૭૨૫૨૮૧૮૧૩**
**(મંત્રીશ્રી – ભુજ ભવન)**




KIA

Movement that inspires

## RATHOD KIA

**(3S-Sales, Service, Spares)**

Survey No. 916, 1496, Balitha, Vapi- 396191

TOYOTA

## RATHOD TOYOTA

**(3S-Sales, Service, Spares)**

**Vapi :** Survey No. 315/1, N.H.No.48, Balitha, Vapi.

**Navsari :** Block No. 1064, Opp. Sai Mandir Sisodra Ganesh, Navsari.







cromā

in-store | online | mobile

India's leading Consumer Durables and Electronics (CDE) retailer

**Rathod Chambers**

Daman Road, Chala, Vapi- 396191

SANDY RESORT

Devka Beach, Daman - 396210

Mail : info@sandyresort.com

Website : www.sandyresort.com

Phone : 9727 223333




Late **Amritlal V. Rathod**

Nitin A. Rathod - 9898 907750

Rajen A. Rathod - 9898 907744

Ashok A. Rathod - 9898 907740

Ashish A. Rathod - 9898 907747

**Residence : Rathod House, Near Tapi complex, Udwada (RS) Dist. Valsad, Gujarat - 396 185.**

# દ્વિતીય વાર્ષિક શ્રદ્ધાંજલિ



## સ્વ. કસ્તુરીબેન કેશવજીભાઈ જેઠવા (ઉ.વ.૮૫)

**સ્વ. તા. ૦૧/૦૨/૨૦૨૨, ગામ : મોટી નાગલપર, તા. અંજાર (કચ્છ)**

આપનું સાદગીભર્યું અને પરોપકારી જીવન અમારા માટે સદૈવ પ્રેરણાદાયી બની રહેશે.
તમોએ આપેલ અમૂલ્ય સંસ્કારોના વારસાનેઅમો દિપાવીશું.
પરમકુપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અને સદ્ગતી પ્રદાન કરે અને મોક્ષ આપે પ્રાર્થના...
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | | | |
|---|---|---|---|
| સ્વ. ગોદાવરીબેન રામજીભાઈ જેઠવા | સાસુ-સસરા | કલ્પાબેન કિશોરભાઈ રાઠોડ | પૌત્રી-જમાઈ |
| સ્વ. કેશવજીભાઈ રામજીભાઈ જેઠવા (કેશુ માસ્તર) | પતિ | પ્રિયંકાબેન વિશાલભાઈ ચૌહાણ | પૌત્રી-જમાઈ |
| સ્વ. રાધાબેન મુળજીભાઈ જેઠવા | જેઠાણી-જેઠ | ધારાબેન સંદિપભાઈ રાઠોડ | પૌત્રી-જમાઈ |
| જયેન્દ્રબાળાબેન અમૃતલાલ જેઠવા | દેરાણી-દેર | જીનલબેન મયુરભાઈ પરમાર | પૌત્રી-જમાઈ |
| કાશીબેન કાંતિલાલ ચૌહાણ | નણંદ-નણદોયા | અંજલીબેન કરણભાઈ જેઠવા | પૌત્રવધુ-પૌત્ર |
| ગં.સ્વ. વેલુબેન જયંતિલાલ સોલંકી | નણંદ-નણદોયા | હેમાંગીબેન પુનિતભાઈ જેઠવા | પૌત્રવધુ-પૌત્ર |
| સ્વ. પ્રેમીલાબેન નાનાલાલ ચાવડા | નણંદ-નણદોયા | પૂજાબેન નિકુંજભાઈ જેઠવા | પૌત્રવધુ-પૌત્ર |
| ગં.સ્વ. ત્રિવેણીબેન અશોકભાઈ પરમાર | નણંદ-નણદોયા | શ્યામ બલરામભાઈ જેઠવા | પૌત્ર |
| ગં.સ્વ. મીનાબેન મુકેશભાઈ જેઠવા | પુત્રવધુ-પુત્ર | કિર્તન બલરામભાઈ જેઠવા | પૌત્ર |
| સરલાબેન વિનોદભાઈ જેઠવા | પુત્રવધુ-પુત્ર | હિમાની ઉત્સવ પઢિઆર | દોહિત્રવધુ-દોહિત્ર |
| કવિતાબેન કનૈયાલાલ જેઠવા | પુત્રવધુ-પુત્ર | ધવલ વિનોદભાઈ પઢિઆર | દોહિત્ર |
| મમતાબેન બલરામભાઈ જેઠવા | પુત્રવધુ-પુત્ર | ક્રિષ્વા પુનિતભાઈ જેઠવા | પરપૌત્રી |
| નિતાબેન વિનોદભાઈ પઢિઆર | પુત્રી-જમાઈ | વંશી કરણભાઈ જેઠવા | પરપૌત્રી |

**કેશવજીભાઈ રામજીભાઈ જેઠવા (કેશુ માસ્તર) પરિવારના જયશ્રી કૃષ્ણ**

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



### સ્વ. શાંતિલાલભાઈ ખીમજીભાઈ ટાંક

જન્મ તા. ૦૧-૦૩-૧૯૪૧ સ્વ. તા. ૧૫-૧૨-૨૦૨૩

દેશમાં ગામ : સિનુગ્રા (કચ્છ) હાલ મુકામ : અમદાવાદ

તમારૂં જીવન અમારી પ્રેરણા હતું. તમારા આદર્શો અમારા માર્ગદર્શક હતા. અમે તમારા સરળ જીવન, ઉચ્ચ વિચારો, દયાળુ સ્વભાવને ક્યારેય ભુલીશું નહીં. તમે પ્રેમ અને સંસ્કારોનું સિંચન કર્યું. કાયમ બધાનું સન્માન જાળવ્યું.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. સાવિત્રીબેન શાંતિલાલભાઇ ટાંક | પત્ની |
| ચંદ્રકાન્તભાઇ શાંતિલાલભાઇ ટાંક | પુત્ર |
| નિલમબેન ચંદ્રકાન્તભાઇ ટાંક | પુત્રવધુ |
| સુર્યકાન્તભાઇ શાંતિલાલભાઇ ટાંક | પુત્ર |
| ધર્મિષ્ઠાબેન સુર્યકાન્તભાઇ ટાંક | પુત્રવધુ |
| બ્રિજેશ ચંદ્રકાન્તભાઇ ટાંક | પૌત્ર |
| શિતલ બ્રિજેશ ટાંક | પૌત્રવધુ |
| હાર્દિક ચંદ્રકાન્તભાઇ ટાંક | પૌત્ર |
| ખ્યાતિ જીતેશભાઇ સોલંકી | પૌત્રી |
| ગ્રીષ્મા (ગુડ્ડી) સુર્યકાન્તભાઇ ટાંક | પૌત્રી |
| વ્રિધ્ધી, આધ્યા, કિયાના | દોહીત્રી |

**સમસ્ત ટાંક પરિવાર**

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



### સ્વ. બીનાબેન રમેશભાઈ રાઠોડ

(ઉ.વ. ૫૬) સ્વ. તા. ૧૩-૦૧-૨૦૨૪, શનિવાર

અંજાર (કચ્છ)

આપનો હસતો ચહેરો, દયા, નિઃસ્વાર્થ સ્વભાવ, વ્હાલ વરસાવતી અમીદષ્ટિની યાદ કુટુંબીઓને હરહંમેશ પ્રેરણા આપતો રહેશે. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ, સદ્ગતિ પ્રદાન કરી મોક્ષ આપે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના... ૐ શાંતિ... જયશ્રી કૃષ્ણ

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| રમેશભાઈ જેન્તીલાલ રાઠોડ | પતિ |
| પ્રતિમાબેન અરવિંદભાઈ જેન્તીલાલ રાઠોડ | - વડોદરા |
| પુષ્પાબેન ધીરજલાલ જેન્તીલાલ રાઠોડ | - અંજાર |
| ગં.સ્વ. મંજુલાબેન જીવરામભાઈ ચૌહાણ | - અંજાર |
| કલ્પનાબેન (દેવકન્યા) કિશોરભાઈ ચૌહાણ | - અંજાર |
| પ્રિતીબેન દયારામભાઈ ખોડિયાર | - અંજાર |
| ભૂમિ કેતનકુમાર અરવિંદભાઈ રાઠોડ | - ગાંધીનરગ |
| નિશા જતિનભાઈ ધીરજલાલ રાઠોડ | - અંજાર |
| રચના ધર્મેન્દ્રભાઈ ચાવડા | - હૈદ્રાબાદ |
| ધારા જેમિનભાઈ પરમાર | - પૂના |
| મીનલ વિમલકુમાર ટાંક | - અંજાર |
| અમિતા નયનકુમાર વેગડ | - અંજાર |
| વિદિશા તુષારભાઈ ચૌહાણ | - પોરબંદર |
| કૃપાલી પ્રશાંતભાઈ ચૌહાણ | - અંજાર |
| હિરલ લોકેશભાઈ જેઠવા | - અંજાર |
| ગુંજન નિશાંતભાઈ ચાવડા | - મુન્દ્રા |
| એક્તા ગૌરવભાઈ ચૌહાણ | - અંજાર |
| ભક્તિ તેજસભાઈ ચાવડા | - સિનુગ્રા |
| ચિ. વિરેન દયારામભાઈ ખોડિયાર | - અંજાર |

અદ્વેત, હેત્વી, શ્રૃષ્ટિ, ખુશાલ, નિરાલ, શુભ, હક્ષ, ધાત્રી, પ્રથમ
પિનાક, પંશુલ, ક્રિયાંશ, મહિમ, ખુશી, નવ્યા

**તથા સમસ્ત પરિવારના જયશ્રી કૃષ્ણ**

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. પુરૂષોત્તમભાઈ (વિઠ્ઠલભાઈ) ભવાનજીભાઈ ટાંક**

**સ્વ. મોક્ષદા એકાદશી, તા. ૪-૧૨-૨૦૨૨, વડોદરા (માધાપર)**

તમારા ઉચ્ચ વિચારો, સાદું જીવન, હસતો ચહેરો, મિલનસાર સ્વભાવ અને કૌટુંબીક અને સમાજ પ્રત્યેની લાગણી, હંમેશા સૌને પ્રેરણા આપતી રહેશે. તમારી ખોટ કદી પણ કોઈ ભુલી તથા પુરી પાડી નહીં શકે, ઈશ્વર તમારા દિવ્ય આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપે... ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. હંસાબેન પુરૂષોત્તમભાઈ ટાંક | (ધર્મપત્ની) |
| પ્રેમાબેન છગનભાઈ ટાંક | (ભાભી-ભાઈ) |
| અલ્પેશભાઈ પુરૂષોત્તમભાઈ ટાંક | (પુત્ર) |
| બિનિતાબેન અલ્પેશભાઈ ટાંક | (પુત્રવધુ) |
| સૌરભ પુરૂષોત્તમભાઈ ટાંક | (પુત્ર) |
| રૂચિતા સૌરભભાઈ ટાંક | (પુત્રવધુ) |
| રૂદ્ર, પરમ, દિર્ઘ, વેદાંત | (પૌત્રા) |

**સમસ્ત ટાંક પરિવારના જયશ્રી કૃષ્ણ... જય માતાજી**

# સેતુ સમાજ સંદેશ

## ખાસ સુચના

(૧) આથી દરેક ઘટક, મહિલા મંડળ અને યુવા મંડળના હોદ્દેદારશ્રીઓને જણાવવાનું કે, 'સેતુ સમાજ સંદેશ'માં પ્રકાશીત કરવા માટેના સમાચારો લેટરપેડ પર લખી મોકલાવવા જરૂરી છે.

(૨) જેમની પાસે લેટરપેડ ન હોય તેમણે હોદ્દા સહિતની રબ્બર સ્ટેમ્પ લગાવવી જરૂરી છે.

(૩) ઈ-મેલથી મોકલાવવામાં આવતા સમાચારો ટાઈપ કરેલા અથવા સુવાચ્ય અક્ષરોમાં હોવા જરૂરી છે.

(૪) અહેવાલ, વિજ્ઞાપન વગેરે મોકલતી વખતે મોબાઈલ નંબર અવશ્ય લખવો. જેથી સંપર્ક કરી શકાય.

(૫) સેતુ સમાજ સંદેશમાં પ્રકાશિત કરવા માટેની માહિતિ તારીખ ૧૫ સુધીમાં અવશ્ય મોકલી આપવાની રહેશે.

નોંધ : પ્રકાશન માટેની કોઈપણ મેટર વોટ્સએપ પર ન મુકતા ફક્ત ઈ-મેલ દ્વારા મોકલાવવા વિનંતી.

E-mail : setusamaj@gmail.com — તંત્રીશ્રી

# પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. જગદિશભાઈ ભાણજીભાઈ જેઠવા**

**સ્વ. તા. ૨૬-૧૨-૨૦૨૨, સોમવાર,**
**દેશમાં ગામ : નાગલપર (કચ્છ)**

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી,
રડી પડે છે આંખો અમારી, જોઈને તસ્વીર તમારી,
દરેક ક્ષણે યાદ આવે છે, અમને ગેરહાજરી તમારી,
આશાઓ અમારી અધુરી રહેશે ક્યાં ખબર હતી,
અચાનક આંખડી મીંચાઈ જશે ક્યાં ખબર હતી.

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના... ૐ શાંતિ... શાંતિ... શાંતિ....

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| ગં.સ્વ. લક્ષ્મીબેન જગદીશભાઈ જેઠવા | – નાગલપર |
| ગં.સ્વ. સાવિત્રીબેન ધીરજલાલભાઈ જેઠવા | – અમદાવાદ |
| ગં.સ્વ. અનસુયાબેન દયારામભાઈ ચૌહાણ | – કુકમા |
| લાભુબેન દયારામભાઈ ટાંક | – રાજનાંદગાંવ |
| ભારતીબેન જયેશભાઈ ટાંક | – માધાપર |

પંકજ, પરાગ, હિતેશ, સંદિપ, પ્રકાશ,
ભાવેશ, હાર્દિક, અલ્પેશ, ધર્મેશ

Surbhi
CLOTHING

MISS AKSHITA
B. CHAVDA (MD)



# Inspired By Culture

Manufecturer and Retailer of Kurti and Dresses

**Factory Address:**

Shraddha Complex, Adani School Rd,
Near Zero Point, Mundra 370421.

---

**Home Address:**

Girinarayan Street, Mandvi Chock,
Old Bandar Road, Mundra 370421.

---

**Contact Address:**

+91 93246 85342
+91 99208 43135

surbhiclothing@gmail.com


LALITA PUBLIC SCHOOL® (CBSE)
CHETNA KIDS PARADISE
Ring Road, Wardhaman Nagar, Nagpur- 35
Email : lpswnngp1@gmail.com | Website : lalitapublicschool.com
LALITHA PUBLIC SCHOOL
Fly With Me
Director :
Mrs. Chetna Raju Tank
PURUSHOTTAM JAIRAM CO. & M/S JAIRAM KARSAN TANK
IMPORTERS AND EXPORTERS OF TIMBER
69, LAKADGANJ, NAGPUR-440 008 INDIA Off.: 91-712-2764667, 2764639, Fax : 91-712-2765367, E-mail : pj.tank@yahoo.com
ASHUTOSH INDUSTRIES
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR. LARGEST MANUFACTURER OF DECORATIVE TEAK VENEER IN INDIA
RISING FURNITURE
Gandhi Putla Sq., Central Avenue, Nagpur-2
FURNITURE SHOWROOM FOR ALL TYPES OF FURNITURE
NARAYANA MINERALS
GUMTHALA, BHANDARA ROAD, NAGPUR
MANUFACTURER OF MANAGANESE DI OXIDE (MNO2) & MANAGANESE OXIDE (MINO)

|| ઓમ શાંતિઃ ||

# ભૂમિપૂજા એસ્ટેટ એજન્સી

લેન્ડ ડેવલોપર્સ એન્ડ એસ્ટેટ એજન્ટ

જમીન, વાડી, પ્લોટ, બંગલા લે-વેંચ માટે વિશ્વાસપાત્ર સ્થળ

કચ્છ જીલ્લાના કોઈપણ તાલુકામાં જમીન મળી શકશે



**બ્રહ્માકુમાર બાબુલાલભાઈ અરજણભાઈ પરમાર**
(ખંભરા)

ઉપપ્રમુખશ્રી, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા

Mob. 98252 97341

ઓફીસ : વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ (કચ્છ) ફોન : Mo. 9537738640 (Deep)












આપના શુભ પ્રસંગો, પારિવારીક ઉત્સવો, જન્મદિન જેવા પ્રસંગે પરિવાર સહીત ફરવાલાયક ઉત્તમ સ્થળ...

સ્વિમીંગ પુલ, બાગ-બગીચા સહીત નયનરમ્ય વાતાવરણનો આનંદ માણો...



શ્રી હરગોવિંદભાઈ એચ. ચૌહાણ
પ્રમુખશ્રી, કુકમા ઘટક
મો. ૯૮૨૫૫ ૧૪૩૫૧

**શ્રી રામેશ્વરમ્ એગ્રી ફાર્મ – માધવ સ્વીમીંગ**

આકાશવાણી રેડીયો સ્ટેશન ફાટકથી બે કી.મી. અંદર, કુકમા (કચ્છ)

**શ્રી રામેશ્વરમ એસ્ટેટ બ્રોકર**

બેંક ઓફ બરોડાની બાજુમાં, બસ સ્ટેશન પાસે, કુકમા

**માધવ સ્વીટ એન્ડ નમકીન**



શ્રી માધવ એચ. ચૌહાણ
કુકમા
મો. ૯૫૩૭૧ ૮૨૭૭૮



YOGESH CHAWDA



Aatur Chawda
(M.Arch Texas Univ.)



Raunak Chawda
(B.E. Civil, MBA)



# vedbhumi

## VEDBHUMI BUILDERS & DEVELOPERS PVT.LTD.
## VEDBHUMI INFRAPROJECTS PVT. LTD.

1st Level, Bhumi Arcade, Near Garden, Lakadganj, Nagpur - 08.
Ph.: 0712 - 2760512 | e-mail : info@vedbhumi.com | www.vedbhumi.com
Residence : "Amber", Vatsalya Bhumi, Wathoda, Nagpur - 35.
M : +91 9373129642 | M : +91 7773933433

---

**Meena Y. Chawda** | **Abhilasha A. Chawda**

**(Chandia)**




## Khodiyar Engineering Works
## Urja Engineering Company
## Perfect Power Systems
## Unique Power Systems

Anil Khodiyar
+ 91 98252 36151

Sumeet Khodiyar
+ 91 98791 95121

Jigar Khodiyar
+ 91 98794 04009

*(Electrical Contractors, Consultants & Engineers)*

Mfrs. Of : PCC, MCC, APFC, VFD, LDB, DG SET Panels

**Besides the manufacturing of Panel, we also attain works such as**

- ~ Installation of DP Structure.
- ~ Installation of Cables and connecting them, etc.
- ~ Supply of Transformers and Vaccume Circuit Breaker
- ~ Rewinding Of all types of Motors and Generators.
- ~ Filtration and supply of Transformer Oil.
- ~ Supply of All types of Switchgears.
- ~ All Types of HT & LT deals with P.G.V.C.L

Lighten Up Your Life...



**Authorised Dealer**

C&S electric | AVOCAB WIRES & CABLES | HPL The Power of Technology | connectwell THE RIGHT CONNECTION

Office & Works : Shed No. L - 46, 47, 48 & M-50, Opp. I.T.I, G.I.D.C., Gandhidham (Kutch) Gujarat 370201.
Ph. (O) +91 2836 233791 • Fax : +91 2836 233761
E-mail : info@urjaengg.com / urjaengineeringcompany@gmail.com
Website : www.urjaengg.com / www.urjaengineeringcompany.com




*With Best Compliments*



**Vipin Rathod**
Managing Director

UNITRON

*The Instrumentation People*

# UNITRON INSTRUMENTATION PVT. LTD.

The leading Suppliers of Scientific and Material Testing Equipments in India. Our major customers are Aerospace Industry, Automobile Industry, Steel Industry, Foundry & Forge Industry and Surface Coating Industry.









**Head Office**
127/34, 7th Cross, 4th Main Road, Wilson Garden, Bangalore- 560027
Tel: (080) 2227 5369, 2210 3752 Fax: (080) 2224 4717
Email- info@unitron.in unitron@vsnl.net Web: www.unitron.in
**Branch Office: Chennai, Delhi(Gurgoan), Pune**

**Developers and Sponsorers of Home Page of Rathods of Khambra**
**www.rathodsofkhambra.in**

SETU SAMAJ SANDESH - RNI NO. GUJ GUJ / 2008/25938
Published on February-2024
Postal Registration No. G-KCH-185/2023-2025 Posted at S.O. BHUJ on 2nd of Every Month.




# 'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પુરુષોત્તમભાઈ સોલંકી પરિવાર

# SHREE RAM GROUP OF INDUSTRIES

## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કન્યા છાત્રાલય – કુકમા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નં. ૧૧૭૪ (કચ્છ) સ્થાપના : તા. ૩૦/૭/૧૯૯૪) પો. કુકમા (તા. ભુજ–કચ્છ) ૩૭૦૧૦૫, ફોન નં. (૦૨૮૩૨) ૨૭૧૩૫૪

### દાન માટે અપિલ :-

| | |
|---|---|
| રૂા. ૫૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર મુરબ્બી દાતાશ્રી |
| રૂા. ૧૦,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર શુભેચ્છા દાતાશ્રી |
| રૂા. ૫,૦૦૦/- | કે તેથી વધુ દાન આપનાર આશ્રય દાતાશ્રી |
| રૂા. ૬,૦૦૦/- | નું દાન આપનાર દત્તક દાતાશ્રી (એક વિદ્યાર્થીનીની સત્ર ફી ભરી વિદ્યાદાન આપી શકાય છે.) |
| રૂા. ૪,૦૦૦/- | નું દાન આપનાર પુણ્ય સ્મૃતિ ભોજન દાતાશ્રી તથા ખુશાલી ભોજન દાતાશ્રી |
| રૂા. ૨,૦૦૦/- | નું દાન આપનાર આજીવન સભ્યશ્રી |

આપનું દાન ૮૦-જી (૫) મુજબ આવકવેરા મુક્તિને પાત્ર છે

આપના દાનની રકમ બેંક ઓફ બરોડા - માધાપર એકાઉન્ટ નં. 09460100003842 IFSC Code : BARB0KUKMAX માં જમા કરાવી શ્રી મોહનલાલ કુંવરજી ચૌહાણ મો. 9427767810 ને છાત્રાલયના સરનામે જાણ કરવાથી રસીદ મોકલી આપવામાં આવશે.

**PAN NO. AABTS 4600 B**

**આપના વિનમ્ર**

'સમાજરત્ન' શ્રી વિનોદભાઈ પી. સોલંકી - પ્રમુખ
શ્રી જેઠાલાલ પી. પરમાર - ચેરમેન
શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક - સલાહકાર પ્રમુખ
શ્રી રમેશચંદ્ર આર. ચૌહાણ - મંત્રી
શ્રી વિનોદભાઈ એલ. ચૌહાણ - ઉપપ્રમુખ
શ્રી વિનોદભાઈ કે. પઢિઆર - ઉપપ્રમુખ
શ્રી પ્રભુલાલ પી. પરમાર - ઉપપ્રમુખ
શ્રી મોહનલાલ કે. ચૌહાણ - માનદ્ વ્યવસ્થાપક
શ્રી રસીકલાલ પી. ચૌહાણ - સહમંત્રી
શ્રી અનિલભાઈ ડી. ચૌહાણ - કોષાધ્યક્ષ
શ્રીમતી અનસુયાબેન જે. પરમાર - સહ વ્યવસ્થાપક

મુદ્રક અને પ્રકાશક : વિનોદ મોહનલાલ ખોડીયાર એ આ મુખપત્રના માલિક : શ્રી યોગેશભાઈ મગનભાઈ ચાવડા (પ્રમુખ, શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ મહાસભા), 'અંબર' વાત્સલ્ય ભૂમિ, વાઠોડા, નાગપુર - ૩૫ (મહારાષ્ટ્ર), મો. ૯૩૭૩૧૨૯૬૪૨ વતીથી, શ્રી ગાયત્રી ગ્રાફીક્સ - અંજાર ખાતે તૈયાર કરાવી, શ્રી હરિ ઓફસેટ - ફર્સ્ટ ફ્લોર, નરનારાયણ ચેમ્બર, સ્ટેશન રોડ, ભુજ (કચ્છ) ફોન : (૦૨૮૩૨) ૨૨૬૦૦૭ ખાતે છાપ્યું અને એસ.ઓ. પોસ્ટ ઓફીસ : ભુજથી પ્રસિદ્ધ કર્યું.